# યુએફએસનો આઈપીઓ તા.૨૮ એપ્રિલે ખુલશે

અમદાવાદ, તા.૨૫

નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની તરીકે ૨૦૦૫ના વર્ષમાં કામગીરી શરૂ કરનારી ઉજજીવન ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડે (યુએફએસ) ૨૪ રાજ્યોમાં ગ્રાહકોને સેવા આપી છે. તેવી કંપનીનો આઈપીઓ તા.૨૮ એપ્રિલ ૨૦૧૬ના રોજ ખુલશે અને તા.૨ મે ૨૦૧૬ના રોજ બંધ થશે. જેની પ્રાઈઝ બેન્ડ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂા.૨૦૭થી રૂા.૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ-ઓફરનો સમયગાળો બિડ-ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ તા.૨૭ એપ્રિલ રહેશે. એમ પત્રકાર પરિષદમાં એમડી સમિત ઘોષે જણાવ્યું હતું.